# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-02-2025 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **શિતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## CM-ગિફ્ટ સિટી

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે કેન્દ્રીય અંદાજપત્રમાં જાહેર થયેલી જોગવાઈઓ IFSCની ફાઇનાન્સિયલ ઇકો સિસ્ટમને વધુ સંગીન બનાવશે. ગિફ્ટ સિટીમાં સેન્સેક્સ ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ કોન્ટ્રાકટ્સનો પ્રારંભ કરાવતા શ્રીપટેલે જણાવ્યું કે ગિફ્ટ સિટી આજે વિશ્વભરમાં ફિનટેકનું આકર્ષણ કેન્દ્ર બન્યું છે.**

**------------------------------------------------------------------------------------------**

## રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ- હેલ્પલાઇન

**રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ-કચ્છ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટેડ તેમજ સરકારી સંવર્ગના સંયુક્ત ઉપક્રમે એસએસસી અને એચએસસી બોર્ડની પરીક્ષા આપનાર કચ્છ જિલ્લાના વિધાર્થીઓને ગુજરાતી માધ્યમના મુખ્ય વિષયોનું પરીક્ષાલક્ષી માર્ગદર્શન મળી રહે તે હેતુથી હેલ્પલાઇન શરૂ કરાઇ છે. કચ્છના અનેક વિષય તજજ્ઞ તેમજ અનુભવી શિક્ષકોની ટીમ વિધાર્થીઓને હેલ્પલાઇન મારફતે માર્ગદર્શનની સાથે સાથે તનાવ મુક્ત અને પ્રસન્નતા યુક્ત બોર્ડની પરીક્ષાઓ કઈ રીતે આપી શકાય એ અંગેનુ યોગ્ય માર્ગદર્શન પણ આપશે. આ હેલ્પલાઇન દરરોજ સાંજે 5થી7 દરમિયાન ચાલુ રહેશે. આ સમયગાળા દરમિયાન વિદ્યાર્થીઓ વોટ્સએપ પર તેમને મુંઝવતા પ્રશ્નો પણ મૂકી શકશે. વધુ માહિતી માટે અલ્પેશભાઇ જાની મોબાઇલ નં. 98796 00488 પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.**

**------------------------------------------------------------------------------------------**

## અદાણી-CCTV કેમેરા

અદાણી સંચાલિત ગેઈમ્સ જી.કે. જનરલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજમાં તમામ બાજુઓને આવરી લેવા માટે **450** કેમેરા ગોઠવવામાં આવ્યા છે. આ કેમેરાની મદદથી હોસ્પિટલમાં આવતા દર્દીઓ, તેમના સગા-સંબંધીઓ, તબીબો, મેડિકલ સ્ટાફ, મેડિકલ કોલેજનો વિસ્તાર, હોસ્ટેલ બ્લોક, ટાઉનશિપ સહિતના વિસ્તારોનું નિરીક્ષણ કરી શકાશે. હોસ્પિટલ અને મેડિકલ કોલેજ કેમેરાથી સજ્જ થતા આ વિસ્તારની સલામતીમાં વધારો થયો છે.

---------------------------------------------------------------------------------------

## માંડવી મહિલાઓને તાલીમ

માંડવી ખાતે આંત્રપ્રીનીયોરશિપ ડેવલોપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા **(EDII)** અને એક્સેનચરના સંયુક્ત ઉપક્રમે કચ્છની બાટીક કલા જેવી હાથ બનાવટની વસ્તુ દ્વારા ઘર બેઠા રોજગારી મેળવી શકાય તે હેતુથી મહિલાઓ માટે માઇક્રો સ્કિલપ્રીનીયોરશિપ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ પ્રોજેકટનો આરંભ કરાયો હતો. કચ્છમાં બાટીક કલાના વિકાસ માટે વિવેકાનંદ રૂરલ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ સંચાલિત વિવેકાનંદ ગ્રામ્ય ઉદ્યોગ સોસાયટી માંડવી દ્વારા મુન્દ્રા, ભુજપુર, માંડવી જેવા ગામોમાં ઉત્પાદન ક્ષેત્ર રહ્યું છે. આ પ્રોજેક્ટ અંતર્ગત સંસ્થા દ્વારા માંડવીમાં બાટીક કલાની તાલિમ માટે **50** બહેનોને **26** દિવસ તાલિમ અપાઇ હતી. તેમજ સંસ્થા દ્વારા મહિલાઓને બિઝનેસ ડેવલોપ કરવા માટે આર્ટિસન કાર્ડ અને ઉદ્યોગ આધાર સર્ટિફિકેટ માટે રજિસ્ટ્રેશન પ્રક્રિયા હાથ ધરાઇ હતી.

---------------------------------------------------------------------------------------

## વિજયરાજજી લાયબ્રેરી મૂલ્યાંકન સેમિનાર

ઝવેરચંદ મેઘાણી લોક સાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ અને ભુજના મહારાઓ વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલયના સંયુક્ત ઉપક્રમે આગામી ૯ મી ફેબ્રુઆરી રવિવારે સાંજે વિજયરાજજી લાયબ્રેરી ખાતે મૂલ્યાંકન સેમિનારનું આયોજન કરાયું છે. જેમાં કચ્છના જાણીતા લોક સાહિત્યકાર, ઈતિહાસકાર અને સંશોધન સ્વ. રામસિંહજી રાઠોડના સમગ્ર સંશોધન, તેમના

લોક સંસ્કૃતિના કાર્યોના મૂલ્યાંકન સંદર્ભે કચ્છના જાણીતા લેખક હરેશભાઈ ધોળકિયા, સંજય ઠાકર ભારતીય સંસ્કૃતિ દર્શન કચ્છ વિષય પર પોતાના વિચારો રજૂ કરશે. તેવું વિજયરાજજી પુસ્તકાલયના પ્રમુખની યાદીમાં જણાવાયું છે.

-----------------------------------------------------------------------------------

## કચ્છમાં ભૂકંપ આંચકો

કચ્છમાં ભૂકંપના હળવા કંપનનો સિલસિલો યથાવત રહ્યો છે.  ભચાઉ નજીક આજે સાંજે **5** અને **5** મીનિટે **2.7**ની તીવ્રતા ધરાવતો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જાન્યુઆરી માસ દરમિયાન કચ્છમાં **3** ભૂકંપના આંચકા અનુભવાયા હતા જ્યારે ફેબ્રુઆરી માસનો આ પ્રથમ ભૂકંપનો આંચકો છે.

-----------------------------------------------------------------------------------

## હવામાન

વિક્રમ સંવતના મહા મહિનાના પ્રારંભ સાથે જ પાનખર બાદ વસંતઋતુનું આગમન થઈ ચૂક્યું છે. શિયાળાની વિદાયનો સમય નજીક આવી પહોંચ્યો છે ત્યારે કચ્છમાં થોડા દિવસો સુધી ઠંડીથી રાહત બાદ ફરી એકવખત ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે. હવામાન વિભાગે ફેબ્રુઆરી મહિનાના અંત ભાગ સુધી તાપમાનમાં સામાન્ય વધ-ઘટ સાથે વાતાવરણ ઠંડું અને સુકું રહેવાનું અનુમાન દર્શાવ્યું છે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ કે દાસના જણાવ્યા અનુસાર ગુજરાતમાં આગામી દિવસોમાં મોટાભાગના જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાન ઘટશે.

અબડાસાના મુખ્ય મથક નલિયામાં આજે  રાજ્યનું સૌથી ઓછું તાપમાન **8.6** ડિગ્રી નોંધાયું છે જ્યારે ભુજમાં લઘુત્તમ તાપમાન **13.8** ડિગ્રી નોંધાયું હતું જ્યારે  કંડલાનું ૧૫ ડિગ્રી લઘુત્તમ તાપમાન રહ્યું હતું. હવામાન વિભાગની આગાહી અનુસાર જિલ્લાવાસીઓને આગામી દિવસોમાં ઠંડીનો સામનો કરવો પડશે.

-----------------------------------------------------------------------------------